# હમણાં પાકિસ્તાન સાથે કોઈ વાતચીત નહીં : જેટલી

શ્રીનગર,તા.૧૫

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન અરૂણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારત સાથે વાતચીતની પ્રક્રિયાને આગળ વધારવા માટે પાકિસ્તાનને યુદ્ધ વિરામ અને ઘુસણખોરી બંધ કરવી પડશે. સ્થિતિ સામાન્ય બને તે માટે યુદ્ધ વિરામનો ભંગ અને ઘુસણખોરી અટકે તે ખૂબ જરૂરી છે. સંરક્ષણ પ્રધાન તરીકેનો હવાલો સંભાળી લીધા બાદ જમ્મુ-કાશ્મીરની તેમની પ્રથમ યાત્રાના બીજા દિવસે પત્રકારો સાથે વાતચીત કરતા જેટલીએ કહ્યું હતું કે, સ્થિતિ સામાન્ય બને તો જ વાતચીત આગળ વધી શકે છે. યુદ્ધ વિરામનો ભંગ પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહ્યો છે. કોઈપણ દેશ વિશ્વાસ નિર્માણની પ્રક્રિયાને આ સ્થિતિમાં આગળ વધારી શકે નહીં. જેટલીએ કહ્યું હતું કે, જો યુદ્ધ વિરામ અંકુશ રેખા ઉપર જારી રહેશે અને જમ્મુ-કાશ્મીરમાં ઘુસણખોરી જારી રહેશે તો પાકિસ્તાન સાથે વાતચીત આગળ વધશે નહીં.તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, પાકિસ્તાનને યુદ્ધ વિરામનો ભંગ રોકવો પડશે જેટલીએ કહ્યું હતું કે, સુરક્ષા પાસાઓની સમીક્ષા કરવામાં આવી છે.

ભારત દ્વારા વારંવાર જણાવવામાં આવ્યું છે કે તે પાકિસ્તાન સહિતના તમામ પડોશી દેશો સાથે શાંતિપૂર્ણ અને મિત્રતાપૂર્ણ સંબંધો ઈચ્છે છે. પાકિસ્તાને હમેશા યુદ્ધ વિરામનો ભંગ જારી રાખીને સરહદ ઉપર તંગદીલી સર્જી છે. બન્ને દેશો વચ્ચે સામાન્ય સંબંધો સ્થાપિત કરવા સરહદ ઉપર શાંતિ ખૂબ જ જરૂરી છે તેવી વાત જેટલીએ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા મહીનામાં તેમની શપથવિધીમાં પાકિસ્તાની સમકક્ષ નવાઝ શરીફને આમંત્રણ આપ્યું હતું અને તેમની સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં આતંકવાદ સહિતના મુદ્દા અને પાકિસ્તાનના મુંબઈના હુમલા કેસમાં ચાલી રહેલી તપાસને ઝડપી બનાવવા માંગ કરવામાં આવી હતી. આ વાતચીત ખૂબ હકારાત્મક રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાની સૈનિકો દ્વારા ભારતીય જવાનનું માથું કાપી નાંખવામાં આવ્યા બાદ ગયા જાન્યુઆરી બાદથી ભારત-પાકિસ્તાન વચ્ચેની મંત્રણા પ્રક્રિયા અટવાઈ પડી છે. રાજયપાલ એનએન વોરા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને સેનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે જુદી-જુદી રીતે વાતચીત કરી છે. ઓમરની સાથે ખાસ સુરક્ષા સમીક્ષા કરવામાં આવી છે. સેના, પોલીસ, અર્ધલશ્કરી દળના અધિકારીઓ સાથે પણ વાતચીત થઈ છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં જેટલીએ કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં આર્મ્ડ ફોર્સ સ્પેશ્યલ પાવર એક્ટને દૂર કરવા અંગેનો નિર્ણય રાજયમાં પરિસ્થિતિમાં પ્રગતિ ઉપર આધારિત રહેશે. જ્યાં સુધી પરિસ્થિતિની વાત છે જવાનો અને સ્થાનિક સુરક્ષા દળો સ્થિતિને યોગ્ય રીતે હાથ ધરી રહ્યા છે. એક અન્ય પ્રશ્નના જવાબમાં સરંક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, માનવ અધિકાર ભંગમાં સામેલ લશ્કરી અધિકારીઓ અને જવાનો સામે કાર્યવાહીની મંજુરી અંગેનો નિર્ણય મેરીટ ઉપર આધારીત રહેશે.અરૂણ જેટલીના નિવેદનને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.



## નેસ વાડિયા સામે સમન્સ જારી કરવાની તૈયારી

મુંબઈ, તા. ૧૫

મુંબઈ પોલીસે પ્રીતિ ઝિંટાની સતામણી સાથે સંબંધિત કેસમાં બે લોકોના નિવેદન નોંધી લીધા છે. તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ અને ઉદ્યોગપતિ નેસવાડીયા દ્વારા સતામણી સાથે સંબંધિત કેસમાં બે લોકોના નિવેદન નોંધવામાં આવી ચુક્યા છે. જોકે બોલીવુડની સ્ટાર અભિનેત્રી સુધી પોલીસ પહોંચી શકી નથી.



કારણકે, તે હાલ દેશની બહાર છે. ૩૦મી મેના દિવસે વાનખેડે સ્ટેડિયમમાં ગરવારે પેવેલીયનમાં ઉપસ્થિત રહેલા બે લોકોના નિવેદન નોંધવામાં આવી ચુક્યા છે. ગરવારે પેવેલિયનમાં બેસવાને લઈને પ્રીતિ ઝિંટા અને વાડિયા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તે વખતે આ બન્ને લોકો પેવેલિયનમાં હાજર હતા. તેમના નિવેદન નોંધવામાં આવી ચુક્યા છે. તપાસમાં સામેલ રહેલા પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પોલીસે બે લોકોની ઓળખ હજુ સુધી જાહેર કરી નથી. તપાસ આડે અડચણ ઉભી ન થાય તે હેતુસર ઓળખ જાહેર કરવામાં આવી નથી. નક્કર પુરાવા એકત્રિત કરવામાં આવ્યા બાદ નેસવાડિયા સામે પણ સમન્સ જારી કરવામાં આવશે. પોલીસના નિવેદનથી લાગુ રહ્યું છે કે આવનાર દિવસોમાં ઉદ્યોગપતિ નેસવાડિયાને પણ કાયદાકીય સકંજામાંથી પસાર થવું પડશે. તપાસકારો તેની અને તેના બોયફ્રેન્ડ વચ્ચે ઈ-મેલની આપ-લે સાથે સંબંધિત માહિતી આપવા પ્રીતિ ઝિંટાને અપીલ કરી છે. પોલીસનું કહેવું છે કે ઈ-મેલ મારફતે ફરિયાદી અને વાડિયા વચ્ચે મતભેદો કયા પ્રકારના છે તે અંગે વધુ માહિતી મળી શકશે. પ્રીતિ ઝિંટાએ ગુરૂવારે રાત્રે પોલીસમાં ફરિયાદ નોંધાવીને તમામને ચોંકાવી દીધા હતા. પ્રીતિએ કહ્યું હતું કે, ૩૦મી મેના દિવસે વાનખેડે સ્ટેડિયમમાં ૪૪ વર્ષીય વાડિયા દ્વારા સતામણી કરવામાં આવી હતી તે વખતે કિંગ્સ ઈલેવન પંજાબ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ ચાલી રહી હતી.

પ્રીતિ ઝિંટા અને વાડિયા પાંચ વર્ષ સુધી એકબીજા સાથે સંબંધમાં રહ્યા બાદ હાલમાં અલગ થયા હતા. જોકે બિઝનેસના હેતુસર સાથે દેખાયા હતા. આઈપીએલની ટીમ કિંગ્સ ઈલેવન પંજાબના કેટલાક ખેલાડીઓ પણ બોલાચાલી થઈ ત્યારે ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળેલ છે. સપોર્ટ સ્ટાફ અને વાનખેડે સ્ટેડિયમના અધિકારીઓની આગામી દિવસોમાં પૂછપરછ કરવામાં આવી શકે છે.આઈપીસીની જુદી-જુદી કલમો હેઠળ વાડિયા સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

## પંજાબમાં દારુગોળાનો જંગી જથ્થો મળી આવ્યો

ચંદીગઢ, તા.૧૫

પંજાબના જગરાઉં શહેર નજીક આજે એક ગામમાં કેટલીક એકે-૪૭ રાઈફલનો દારુગોળો અને ૧૪ હેન્ડગ્રેનેડ કબ્જે કરવામાં આવતા સનસનાટી મચી ગઈ હતી. વિસ્ફોટકોનો જત્થો ક્યારે અને કઈ રીતે પહોંચ્યો તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. જોકે પોલીસે કહ્યું છે કે, કબ્જે કરવામાં આવેલા હેન્ડગ્રેનેડ અને દારુગોળો નિષ્ક્રીય સ્થિતિમાં છે. હેન્ડગ્રેનેડ અને દારુગોળાના જત્થો મળ્યા બાદ પોલીસે સમગ્ર વિસ્તારને સીલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. કેટલાક ગ્રેનેડ આ મહીનાની શરૂઆતમાં પણ મળી આવ્યા હતા. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોઈમેન્ટ ગેરેંટી સ્કીમ હેઠળ મજુરો દ્વારા ખોદવામાં આવેલા ખાડા દરમિયાન પણ કેટલાક હથિયારો મળ્યા હતા. પોલીસ અધિકારીઓ માને છે કે, પંજાબમાં જ્યારે આતંકવાદની પ્રવૃત્તિ ચરમસીમા ઉપર હતી ત્યારે આ દારુગોળો અહીં ફેંકી દેવામાં આવ્યો હતો.

## વિદેશી રોકાણકારો દ્વારા ૨૬ હજાર કરોડ રૂપિયા ઠલવાયા


નવી દિલ્હી,તા. ૧૫

વિદેશી મુડીરોકાણકારોએ ભારતીય બજારમાં વિશ્વાસ અકબંધ રાખ્યો છે. વિદેશી રોકાણકારોએ જુન મહિનામાં હજુ સુધી ભારતીય બજારમાં ૨૬૦૦૦ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. નવી સરકાર સુધારાલક્ષી નિતીને આગળ વધારશે અને ખુબ ઝડપથી આગળ વધશે તેવી આશાના કારણે વિદેશી રોકાણકારો મોટા પાયે નાણાં ઠાલવી રહ્યા છે. નવા જારી કરવામાં આવેલા આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે ઇક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારોએ ૧૦૩૫૯ કરોડનુ રોકાણ કર્યું છે. જ્યારે ડેબ્ટ માર્કેટમાં ૧૫૮૦૬ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું છે. આની સાથે જ વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બજારમાં કુલ ૨૬૧૬૫ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું છે. બજાર સાથે જોડાયેલા નિષ્ણાંતો માને છે કે આગામી દિવસોમાં પણ વિદેશી રોકાણકારો આ જ વલણ અપનાવશે અને જંગી નાણાં ઠાલવશે. નવી સરકાર દ્વારા સત્તા સંભાળી લીદા બાદ લેવામાં આવેલા સુધારાલક્ષી નિર્ણયની અસર દેખાઇ રહી છે. ઇક્વિટી માર્કેટમાં મુખ્ય ડ્રાઇવર પૈકીના એક એવા વિદેશી રોકાણકારોએ બેન્ચમાર્ક એસએન્ડપી બીએસઇ સેન્સેક્સને આ મહિનામાં હજુ સુધી ચાર ટકા સુધી ઉંચી સપાટી પર લઇ જવામાં ભૂમિકા અદા કરી છે. આ વર્ષની શરૂઆત થયા બાદથી વિદેશી રોકાણકારોએ દેશના ઇક્વિટી માર્કેટમાં ૫૬૧૬૩ કરોડનુ રોકાણ કર્યું છે. જ્યારે આ જ ગાળામાં તોએ ડેબ્ટ માર્કેટમાં ૬૧૯૨૫ કરોડનુ રોકાણ કર્યું છે. જેથી કુલ રોકાણનો આંકડો વધીને ૧.૧૮ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. તાજેતરાના મહિનામાં મજબુત મુડી પ્રવાહની સ્થિતી રહી છે. નવેમ્બર ૧૯૯૨ બાદથી ડેટા પર આધારિત આંકડા જારી કરવામાં આવે છે. એ વખતે વિદેશી રોકાણકારોએ ભારતીય બજારોમાં રોકાણ કરવાની શરૂઆત કરી હતી. આમાં ૧૫૫ અબજ ડોલર ઇક્વિટીમાં અને ૩૫ અબજ ડોલર ડેબ્ટ માર્કેટમાં સામેલ છે. વિદેશી રોકાણકારો ભારતમાં લોકસભાની ચૂંટણી યોજાયા બાદ સારા પરિણામ હાથ લાગતા રોકાણમાં ગતિ વધારી દીધી છે. આ પ્રવાહ હાલમાં યથાવત રહે તેવી શક્યતા છે.

## બ્લેકબેરી ઝેડ૩ ટુંકમાં દેશના બજારમાં મળશે

નવી દિલ્હી,તા. ૧૫

કેનેડાની ફોન બનાવતી કંપની બ્લેકબેરીનો પ્રથમ ફુલ ટચસ્ક્રીન ફોન આગામી થોડાક સપ્તાહમાં ભારતમાં ઉપલબ્ધ બની શકે છે. ઈન્ડોનેશિયામાં ૧૬મી મેના દિવસે આ ફોન લોંચ કરવામા આવ્યા બાદ હવે ભારતમાં આ ફોનની રાહ જોવામા આવી રહી છે. આ ફોનને ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જેડ૩ એક પાંચ ઈન્ચ સ્ક્રીન ધરાવનાર ફોન છે. જે



બ્લેકબેરીના નવા ૧૦.૨.૧ ઓપરેટિંગ સિસ્ટમ પર કામ કરે છે. બ્લેકબેરીએ તાઈવાનની ફોક્સકોનની સાથે મળીને આ ફોનની શરૂઆત કરી છે. હાલમાં બજારમાં નવા નવા ફોન વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. આ બ્લેકબેરી ઝેડ૩ની કિંમત ઓછી રહેશે. ઝેડ૩ને ઈન્ડોનેશિયન માર્કેટને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવ્યો છે. તેની કિંમત ૧૧૦૦૦ રૂપિયા રાખવામાં આવે તેવી શક્યતા છે. જો કે ભારતમાં માર્કેટ સ્થાન ફરી મેળવવા માટે તેની કિંમત ૧૦૦૦૦ રાખવામાં આવે તેવી શક્યતા છે.

**સોનાની કિંમત ફરી ૨૮૦૦૦ સુધી પહોંચી શકે**

## ઈરાક કટોકટી ગંભીર બનશે તો સોના-ચાંદીના ભાવ વધશે

નવી દિલ્હી,તા. ૧૫

ઈરાક કટોકટીને લઈને કેન્દ્રમાં મોદી સરકારે પરિસ્થિતી પર નજર કેન્દ્રિત કરી દીધી છે. જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે જો ઈરાક કટોકટી વધારે ગંભીર બનશે તો ભારતના અર્થતંત્રની સાથે સાથે તેલની કિંમત પર અસર થઈ શકે છે. સાથે સાથે સોનાની કિંમતમાં વધારો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોના અને ચાંદીની કિંમતામાં વધારો થઈ શકે છે. ડોલરની સામે રૂપિયા નબળો પડી શકે છે. માર્કેટ સાથે જોડાયેલા નિષ્ણાંતો માની રહ્યા છે કે જો ઈરાક કટોકટી ગંભીર બનશે તો સોનાની કિંમત ફરી પ્રતિ ૧૦ ગ્રામ ૨૮૦૦૦ સુધી પહોંચી શકે છે. નાણાં સચિવ અરવિન્દ માયારામે કહ્યું છે કે ઈરાકમાં અશાંત સ્થિતીના કારણે વૈશ્વિક તેલ પુરવઠામાં અડચણો ઉભી થઈ શકે છે તેવી શંકા દેખાઈ રહી છે. જેથી સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે ખાતરી આપી છે કે દહેશતમાં રહેવા માટે કોઈ કારણ નથી. દેશના લાંબા ગાળા વાળા ક્રુડ ઓઈલનો પુરવઠો સ્થિર રહ્યો છે. ભારત તેની જરૂરીયાત પૈકી ૧૦ ટકા તેલ ઈરાક પાસેથી ખરીદે છે. માર્કેટ નિષ્ણાંત માને છે કે જો ઈરાક કટોકટીના વાદળો વધુ ઘેરા બનશે તો આંતરરાષ્ટ્રીય રોકાણકારો ફરી સોના તરફ આકર્ષિત થઈ શકે છે. આવી સ્થિતિમાં સોના અને ચાંદીની ચમક ફરી તેજ બની શકે છે. હાલામાં જે સ્થિતી છે તે મુજબ સોની કિંમત ટુંક સમયમાં ૨૭૮૦૦ સુધી પહોંચી શકે છે. ઓગષ્ટ સુધી જો સ્થિતી સુધરશે નહી તો સોનાની કિંમત ૨૮૦૦૦ સુધી પહોંચી શકે છે. તેલ સંકટ ગંભીર બનવાની સ્થિતિમાં અમેરિકા ડોલરને મજબુત કરવાના પગલા લઈ શકે છે. આવી સ્થિતીમાં રૂપિયાને સ્થિર કરવાની બાબત ભારત સરકાર અને આરબીઆઈ માટે પડકારરૂપ બની શકે છે. જો કે સરકાર સાવચેતીના તમામ પગલા લઈ રહી છે. હાલ ઈરાક કટોકટી પર તમામની નજર છે.

## ધાર્મિક કેદારખીણમાં હજુ પણ હાડપિંજરો મળે તેવી સંભાવના

દેહરાદુન, તા.૧૫

ગયા વર્ષે કુદરતી હોનારત થયા બાદ કેદારનાથમાં હાડપિંજરો મળવાને લઈને ભારે હોબાળો મચી ગયો છે. ઉત્તરાખંડમાં રૂદ્રપ્રાયગ જિલ્લાના વન્ય વિસ્તારોમાંથી હાડપિંજરો મળી આવ્યા છે. હાડપિંજરો મળી આવવાના કારણે ઉત્તરાખંડ સરકારની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી ગઈ છે. સરકાર સામે પ્રશ્નો કરવામાં આવી રહ્યા છે. કેદારખીણમાં વન્ય વિસ્તારમાંથી ૧૭ જેટલા હાડપિંજરો વધુ પ્રમાણમાં મળી આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ હાડપિંજરો જુદી-જુદી વયજુથના હોવાનું જાણવા મળેલ છે. સ્પેશિયલ ટાસ્કફોર્સ દ્વારા હવે તપાસ શરૂ થઈ છે. સ્થાનિક લોકો અને પોતાના સગાસંબંધીઓને શોધવા પંજાબથી પહોંચેલા કેટલાક લોકો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર ઉપર આ હાડપિંજરો મળી આવ્યા છે. પોલીસનું કહેવું છે કે, કેદારનાથની આસપાસના વિસ્તારોમાં હાડપિંજરો મળવાને લઈને સરકાર અને વહીવટીતંત્રની બેદરકારી સ્પષ્ટપણે સપાટી પર આવી છે. કેટલાક હાડપિંજરોને હવે વિસ્તૃત ડીએનએ ચકાસણી માટે દેહરાદુન સ્થિત ફોરેન્સિક લેબમાં મોકલી દેવામાં આવ્યા છે. આ હાડપિંજરોની વિસ્તૃત વિગતો ઉત્તરાખંડ પોલીસ વેબસાઈટ ઉપર પણ અપલોડ કરવામાં આવી છે. હાડપિંજરો મળી આવ્યા બાદ હવે વન્યવિસ્તારમાં નવેસરથી તપાસ હાથ ધરાઈ છે. ગૌરીકુંડથી કેદારનાથ સુધીના વન્ય પટ્ટામાં શોધખોળ ચાલી રહી છે. વિનાશકારી પુર દરમિયાન ગયા વર્ષે અહીં મોટી સંખ્યામાં લોકો લાપતા થયા હતા. વધુ હાડપિંજરો મળી આવવાની શક્યતા પણ દખાઈ રહી છે. હાડપિંજરો મળી આવવાના મુદ્દે મુખ્યમંત્રી હરીશ રાવતે કહ્યું છે કે અમે ક્યારેય એવો દાવો કર્યો ન હતો કે ગયા વર્ષે કુદરતી હોનારતના એક વર્ષ બાદ હાડપિંજરો મળશે નહીં. ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ , પોલીસ અને મેડિકલ ટુકડીની બનેલી એસટીએફ દ્વારા તપાસ તીવ્ર બનાવાઈ છે.

## સમાચાર ઝલક

- વારાણસીમાં ૧૫૦ કિલો વિસ્ફોટક ઝડપાયો, એક કારમાં લાવી રહ્યા હતા બે વ્યક્તિઓ, બંને ફરાર.
- અમદાવાદ એરપોર્ટ પર નવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.
- તા. ૧૬/૧૭/૧૮ જૂનના રોજ ગુજરાતમાં મેઘરાજાના આગમનની હવામાન ખાતાની આગાહી.
- નવા વાડજમાં વિવેકાનંદ સ્કૂલની દિવાલ ધરાશાયી થતાં ૩ બાળકોના મોત.
- પાકિસ્તાનમાં ૧૦૦ આતંકવાદીઓને ઠાર કરતી પાકિસ્તાની સેના.
- ગુજરાતનાં ૧૧૫ ડેમમાં નર્મદાના પાણી પહોંચાડાશે.
- ઝાંસીમાં ત્રણ સગાભાઇઓને જીવતા સળગાવ્યા.
- ઇન્ડોનેશિયામાં ભૂકંપ બાદ દક્ષિણ ભારતમાં સુનામીની ચેતવણી અપાઇ હતી.
- હજીરા નજીક દરિયામાં પાંચ યુવાનો તણાયા.
- ભૂતાનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સ્વાગત માટે કિલોમીટર લાંબી સ્વાગતની હરોળો.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની દીકરી કોંગ્રેસ દ્વારા આયોજિત વીજળી કાપનાં દેખાવોમાં જોડાયા.
- ઉત્તરપ્રદેશનાં અમેઠી તથા બરેલીમાં રાજકીય કાર્યકરોની હત્યા-હુમલાના બનાવો યથાવત.
- ફતેહપુરનાં ભાજપનાં સંસદ સભ્ય પર ગોળીબાર.
- ભાવનગર જિલ્લાના દયાળ ગામે કાર દિવાલ સાથે અથડાતાં પાંચનાં મોત.
- કલકત્તામાં તાત્કાલિક ધોરણે વિમાનને ઉત્તરાણ કરવું પડયું.
- દિલ્હીમાં શાસ્ત્રી ભવનમાં આગ લાગી.
- ઇરાકમાં લડાઇ ગંભીર બની.

## બદૌનમાં મહિલા પર ગેંગ રેપથી ભારે ચકચાર મચી

બદૌન, તા.૧૫

ઉત્તરપ્રદેશમાં ગેંગરેપના બનાવોમાં એકાએક ચિંતાજનકરીતે વધારો થયો છે. બે આદિવાસી બહેનો ઉપર ગેંગરેપનો મામલો ઉકેલાય તે પહેલા જ વધુ એક મામલો સપાટી પર આવી ગયો છે. પોલીસે આજે વિગત આપતા કહ્યું હતું કે, ૩૨ વર્ષીય મહિલાને બાનમાં પકડી રાખીને ત્રણ શખ્સો દ્વારા ગેંગરેપ કરવામાં આવ્યો હતો. આ ત્રણ શખ્સોમાં બિસોલી વિસ્તારમાં એક પોલીસ જવાનના પુત્રનો પણ સમાવેશ થાય છે. પોલીસ અધિકારીના કહેવા મુજબ ભોગ બનેલી મહિલાના બે બાળકો પણ છે. તેને બેભાન કરી દેવામાં આવી હતી અને ત્યારબાદ બાનમાં પકડી લેવાઈ હતી. આ મહિલાએ હવે માહિતી આપતા કહ્યું છે કે, પોલીસ જવાનના પુત્રએ મકાનમાં બાળકોની સાથે તેને પુરી દીધી હતી. ત્યારબાદ તે અન્ય બે શખ્સો સાથે પરત ફર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરપ્રદેશમાં હાલમાં આ પ્રકારના કિસ્સાઓમાં એકાએક ચિંતાજનક વધારો થયો છે. આદિવાસી બે બહેનો ઉપર સામુહિક બળાત્કાર અને ત્યારબાદ તેમની હત્યાને લઈને દેશભરમાં ભારે હોબાળો મચી ગયો હતો.

## રોમાંચક મેચમાં ઈંગ્લેન્ડ પર ઈટાલીની ભવ્ય જીત

રિયો ડી જિનેરિયો,તા. ૧૫

ફીફા વર્લ્ડ કપની શરૂઆત થયા બાદથી એકપછી એક મોટા અપસેટ થઈ રહ્યા છે. વર્તમાન ચેમ્પિયન સ્પેન પર નેધરલેન્ડે જીતી મેળવ્યા બાદ હવે કોસ્ટા રીકાએ શક્તિશાળી ઉરુગ્વેની ટીમને ૩-૧થી હાર આપીને તમામ ફુટબોલ ચાહકોને ચોંકાવી દીધા હતા. જ્યારે ઈટાલીએ ઈંગ્લેન્ડ પર જીત મેળવી હતી. ઈટાલીએ ઈંગ્લેન્ડ પર ૨-૧થી જીત મેળવી હતી. ફોર્ટાલેજા ખાતે રામાયેલી ગ્રુપ ડીની મેમાં કોસ્ટા રીકાએ ઉરુગ્વેને ૩-૧થી હાર આપી હતી. ઉરુગ્વેના ખેલાડી સાવાનીએ ૨૪મી મિનિટમાં ગોલ કરીને પોતાની ટીમને ૧-૦ની લીડ અપાવી હતી હાફ ટાઈમ સુધી કોસ્ટા રીકાની ટીમ એક પણ ગોલ કરી શકી ન હતી. જો કે હાઈ ટાઈમ બાદ જ્યારે બીજી વખત મેચ શરૂ થઈ ત્યારે કોસ્ટા રીકાના ખેલાડી કેમ્બેલ જેનેએ ૫૪મી મિનિટમાં ગોલ કરીને સ્કોર ૧-૧થી બરોબર કરવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદ માત્ર ત્રણ મિનિટ પછી જ કોસ્ટા રીકાના દુઆર્ટે ઓ દ્વારા ૫૭મી મિનિટમાં ગોલ કરી દેવામાં આવ્યો હતો. જેથી કોસ્ટા રીકાની લીડ ૨-૧ થઈ ગઈ હતી. રમતના ૮૪મી મિનિટમાં કોસ્ટા રીકાના ઉરેના એમે પોતાની ટીમ માટે ત્રીજો અને નિર્ણાયક ગોલ કરી દીધો હતો. આની સાથે જ ઉરુગ્વેની તમામ આશા પર પાણી ફરી વળ્યું હતુ. અન્ય એક ગ્રુપ-સીની મેચમાં આફ્રિકી દેશ આઈવરી કોસ્ટે જાપાન પર ૨-૧થી જીત મેળવી હતી. આઈવરી કોસ્ટ માટે આ જીત વધારે શાનદાર એટલા માટે પણ હતી કે પ્રથમ હાફ સુધીલ આ ટીમ પાછળ ચાલી રહી હતી.



આ જીતની સાથે જ આઈવરી કોસ્ટના ખાતામાં ત્રણ પોઈન્ટ સામેલ થઈ ગયા છે. જાપાની સામે પ્રથમ ાહાફામાં ૧-૦થી પાછળ રહી ગયા બાદ ાઈવરી કોસ્ટે સાનદાર વાપસી કરી હતી. આ વાપસીની ક્રેડિટ આઈવરી કોસ્ટના સ્ટ્રાઈકર દિદિયાર દોરગબાને જાય છે. ૬૧ મિનિટ સુધી દિદિયાર મેચથછી બહાર રહ્યો હતો. પરંતુ તે મેદાનમાં ઉતરતાની સાથે જ આઈવરી કોસ્ટના ખેલાડીઓનો નૈતિક જુસ્સો વધી ગયો હતો. આઈવરી કોસ્ટની ટીમે બે મિનિટમાં જ બે ગોલ કરીને જોરદાર લીડ મેળવી હતી. આ બન્ને ગોલ હેડર મારફતે કરવામાં આવ્યા હતા. આઈવરી કોસ્ટની તરફતી વિલફ્રેડ બોની અને જેરવિન્હો દ્વારા હેડરથી ગોલ કરવામાં આવ્યા હતા. આઈવરી કોસ્ટ છેલ્લે સુધી લીડ જાળવી રાખવામાં સફળ રહેતા તેની જીત થઈ હતી. વિશ્વ કપ ફુટબોલમાં આઈવરી કોસ્ટ ૨૩માં ક્રમાંકે છે. જ્યારે જાપાન ૪૬માં ક્રમાંકે છે. આ અગાઉ જાપાન અને આઈવરી કોસ્ટ વચ્ચે છ મેચો રમાઈ ચુકી છે. જેમાં ત્રણમાં જાપાન અને બેમાં આઈવરી કોસ્ટની જીત થઈ છે. એક મેચ ડ્રો થઈ છે. આ જીત બાદ હવે બન્ને ટીમો એકબીજાની સામે ત્રણ ત્રણ મેચો જીતી ચુકી છે. ફીફા વર્લ્ડ કપના ગ્રુપ સીમાં આ બે ટીમો ઉપરાંત કોલંબિયા અને ગ્રીસ પણ છે. ગ્રુપ ડીની એક રોમાંચક મેચમાં ઈટાલીએ ઈંગ્લેન્ડ પર ૨-૧થી જીત મેળવી હતી. પ્રથમ હાફ સુધી બન્ને ટીમો કોઈ પણ ગોલ કર્યા વગર બરોબરી પર હતી. પરંતુ ઈટાલીના માર્ચીસિયોએ ૩૫મી મિનિટમાં ગોલ કર્યો હતો. જો કે બે મિનિટ બાદ જ ઈંગ્લેન્ડના ખેલાડી સ્ટુરિઝે ગોલ કર્યો હતો. જેથી સ્કોર ૧-૧થી બરોબર થયો હતો.

## હવે મેટ્રો શહેરોમાં મેટ્રો બ્લડ બેંક સ્થાપિત કરાશે

નવી દિલ્હી, તા.૧૫

આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને આજે કહ્યું હતું કે, મેટ્રો શહેરોમાં મેટ્રો બ્લડ બેંકની શરૂઆત કરવામાં આવશે. રક્તદાન કોઈ નુકશાન થતું નથી બલ્કે આનાથી તબિયત સારી રહે છે. હર્ષવર્ધને કહ્યું હતું કે, નિયમિત રીતે રક્તદાન કરનારમાં હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સર સાથે સંબંધિત બિમારી થવાની શક્યતા ૮૦ ટકા ઓછી થઈ જાય છે. આજ કારણસર આ ભ્રમને દૂર કરવા માટે રક્તદાન કરવામાં આવે તે જરૂરી છે. આરએમએલ હોસ્પિટલમાં રક્તાનના પ્રસંગે એક કાર્યક્રમમાં આરોગ્યમંત્રીએ કહ્યું હતું કે, ચાર મેટ્રો શહેર દિલ્હી, મુંબઈ, કોલકત્તા અને ચેન્નાઈમાં મેટ્રો બ્લડ બેંક શરૂ કરવામાં આવશે. પોતે રક્તદાનમાં જોડાયા હતા અને આવી કામગીરીમાં આગળ આવવા લોકોને અપીલ કરી હતી. હર્ષવર્ધને કહ્યું હતું કે, દેશના દરેક જિલ્લામાં સેફ બ્લડ બેંક બનાવવામાં આવશે. સિવિલ સોસાયટીની મદદથી આ કામને આગળ વધારવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, દિલ્હી સહિત તમામ મેટ્રો શહેરોમાં મેટ્રો બ્લડ બેંક બનાવવામાં આવશે.